# પૂંચ સેકટરમાં ભારત-પાક સેના વચ્ચે ગોળીબાર

## કલાકો સુધી ગોળીબારની રમઝટ, એક નાગરિકને ઇજા થઇ : પાકિસ્તાની સેનાની કાર્યવાહી બાદ ભારતનો જડબાતોડ જવાબ : યુદ્ધ વિરામનો ભંગ કરી પાકિસ્તાન દ્વારા અવિરત ગોળીબારના લીધે સરહદ પર તંગ સ્થિતિ

પુચ,તા. ૩

જમ્મુ કાશ્મીરના પુછમાં પાકિસ્તાની સેનાએ ફરીએકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર કર્યો છે. જો કે ભારતીય સેના દ્વારા જોરદાર જવાબી કાર્યવાહી કરવામાં આવી છે. સરહદ પર હાલમાં વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે. પાકિસ્તાન તરફથી શુક્રવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ મોર્ટાર ઝીંકવામાં આવ્યા હતા. ત્યારબાદ ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો. ગોળીબારમાં એક વ્યક્તિને ઈજા થઈ હતી. અત્રે નોંધનીય છે કે પાકિસ્તાન દ્વારા હાલમાં ભીમબેર અને બટ્ટલ સેકટરમાં કરવામા આવેલા ગોળીબારનો પણ જડબાતોડ જવાબ આપ્યો હતો. ફાયરિંગમાં પાચ પાકિસ્તાની સૈનિકોના મોત થયા હતા. જોકે પાકિસ્તાને આ અહેવાલને રદિયો આપ્યો હતો. આ કાર્યવાહી બાદ પાકિસ્તાને ભારતીય હાઈ કમીશનરને ફરિયાદ કરવા માટે બોલાવ્યા હતા. રાજૌરી અને પૂંચ જિલ્લામાં અંકુશરેખા નજીક અગ્રિમ ચોકીઓ ઉપર પાકિસ્તાન તરફથી અગાઉ મોર્ટાર ઝીંકવામાં આવ્યા હતા. ત્યારબાદ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ વર્ષે મે મહિનામાં પાકિસ્તાની સેના તરફથી કરવામાં આવેલી કાર્યવાહીમાં આશરે ૧૨૦૦૦ લોકો અસરગ્રસ્ત થયા છે. અંકુશરેખા પર વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ રહી છે. ૧૭મી મેના દિવસે પાકિસ્તાની સેનાએ રજૌરી જિલ્લાના બાલાકોટ સેકટરમાં અંકુશરેખા પર સ્થિત ચોકીઓ ઉપર ગોળીબાર કર્યો હતો. ૧૫-૧૬મી મેના દિવસે રાજૌરી જિલ્લામાં અંકુશરેખા ઉપર પાકિસ્તાની સેનાએ નિવાસી ક્ષેત્રોમાં ગોળીબાર કર્યો હતો. ૧૩મી મેના દિવસે નૌશેરા વિસ્તારમાં અંકુશ રેખા નજીક નાગરિક વિસ્તારમાં પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો જેમાં બે લોકોના મોત થયા હતા. અન્ય ત્રણ લોકો ઘાયલ થયા હતા. હાલમાં જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ હળવી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે ત્યારે આતંકવાદીઓ દ્વારા વારંવાર સતત ગોળીબાર કરવામાં આવી રહ્યા છે જેના કારણે સ્થિતિ સુધરવાના બદલે વણસી રહી છે.



સ્થાનિક લોકોના સમર્થનના લીધે ત્રાસવાદીઓ સ્થિતિનો લાભ ઉઠાવવામાં સફળ રહ્યા છે. સેનાને પણ સર્ચ ઓપરેશનમાં તકલીફ થઈ રહી છે. બીજી બાજુ પાકિસ્તાની સેના ત્રાસવાદીઓને ઘુસાડવાના હેતુસર અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર નિયમિત યુદ્ધવિરામનો ભંગ કરી ગોળીબાર કરી રહી છે.પાકિસ્તાન અને ભારત એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે.

# અનંતનાગમાં સેનાના કાફલા પર હુમલો : બે જવાન શહીદ

## એકે ૪૭ રાયફલ સાથે સજ્જ ત્રાસવાદીઓનો હુમલો : હુમલામાં છ જવાન ઘાયલ થયા : સરહદ ઉપર ગોળીબારના લાભ લઇને ત્રાસવાદી ઘુસણખોરી કરે છે



શ્રીનગર,તા. ૩

જમ્મુ કાશ્મીરમાં સેનાના કાફલા ઉપર આજે સવારે ત્રાસવાદીઓએ ફરી હુમલો કર્યો હતો જેમાં બે જવાન શહીદ થઈ ગયા હતા જ્યારે અન્ય ચાર જવાન ઘાયલ થયા હતા. આ બનાવ અનંતનાગના કાઝીગુંદમાં બન્યો હતો. સેનાના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, એકે ૪૭ રાયફલ સાથેસજ્જ ત્રાસવાદીઓએ ૧૧.૩૦ વાગ્યાની આસપાસ શ્રીનગરથી આશરે ૭૦ કિલોમીટરના અંતરે સ્થિત કાઝીગુંદમાં સેનાના કાફલા ઉપર હુમલો કરી દીધો હતો. આ હુમલામાં છ જવાન ઘાયલ થયા હતા. ઘાયલ થયેલાઓને સારવાર માટે હોસ્પિટલમાં ભર્તી કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન બે જવાનના મોત થયા હતા. આજે સવારે જ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે સુરક્ષાના મુદ્દા ઉપર સરકારના ત્રણ વર્ષના કામકાજની વિગતો આપી હતી. જમ્મુ કાશ્મીર અંકુશરેખા પર અવિરત ગોળીબાર હાલમાં થઈ રહ્યો છે. આવી સ્થિતિનો લાભ ઉઠાવીને ત્રાસવાદીઓ ઘુસણખોરી કરવાના પ્રયાસ કરી રહ્યા છે. તેમને સફળતા પણ મળી રહી છે. અમરનાથ યાત્રા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે આ પ્રકારના હુમલાના લીધે સ્થિતિ તંગ બની છે. સેના પ્રમુખ જનરલ બિપીન રાવત જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ એનએન વ્હોરા સાથે શુક્રવારે મોડી રાત્રે જ વાતચીત કરી ચુક્યા છે. રાજ્યમાં આંતરિક અને બહારી સુરક્ષા વ્યવસ્થાના મુદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાવતે લાલભવનમાં વ્હોરા સાથે વાતચીત કરી હતી. આ પહેલા સેનાએ કાશ્મીર ખીણમાં બે દિવસ સુધી સુરક્ષા સમીક્ષાકરવામાં આવી હતી. આની તૈયારીની સમીક્ષા પણ કરવામાં આવી હતી. રાજ્યપાલે સેના પ્રમુખ દ્વારા આયોજિત સમીક્ષા બેઠકમાં ભાગ લેનાર ત્રણેય સેનાના કમાન્ડરો અને લેફ્ટીનન્ટ જનરલો સાથે પણ વાતચીત કરવામાં આવી હતી. જમ્મુ કાશ્મીરમાં હાલ ખુબ જ વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. આવી સ્થિતિમાં આતંકવાદ પર અંકુશ મુકવા વિવિધ પગલા લેવાઈ રહ્યા છે.

# સોના પર ત્રણ ટકા જીએસટી

નવી દિલ્હી,તા. ૩

જીએસટી કાઉન્સિલની બેઠકમાં ભારે કસ્મકસ બાદ સોના ઉપર ત્રણ ટકા જીએસટી લાગૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. બીજી બાજુ ફુટવેર, બિસ્કીટ, ટેક્સટાઈલ જેવી વસ્તુઓ ઉપર પણ જીએસટી નક્કી કરવામાં આવ્યા હતા. જીએસટી દ્વારા ગયા મહિનામાં જ મોટાભાગની ચીજવસ્તુઓ અને સર્વિસના રેટ નક્કી કરી લેવામાં આવ્યા હતા. બીડી ઉપર પણ ટેક્સના રેટ આજે નક્કી કરવામાં આવ્યા હતા. જો કે, સિગારેટ પર જીએસટીના રેટ હવે ૧૧મી જૂનના દિવસે યોજાનારી આગામી જીએસટી કાઉન્સિલની બેઠકમાં નક્કી કરવામાં આવશે. આ અગાઉ સોનાને જીએસટીના પાંચ ટકાના સ્લેબમાં રાખવાની ચર્ચા હતી પરંતુ કેરળને છોડીને કોઈપણ રાજ્ય તેના ઉપર સહમત ન થતાં આખરે સોના અને સોનાની જ્વેલરી પર ત્રણ ટકા ટેક્સ લાગૂ કરવાનો નિર્ણય કરાયો હતો. જીએસટી કાઉન્સિલની આગામી બેઠક ૧૧મી જૂનના દિવસે યોજાશે. હાલમાં ૨થી ૨.૫ ટકા ટેક્સ કરોબારીઓને ચુકવવાની ફરજ પડે છે. આવીસ્થિતિમાં ત્રણ ટકા ટેક્સ લાગૂ થવાની સ્થિતિમાં તેમાં વધારો થઈ શકે છે. બીજી બાજુ ૫૦૦ રૂપિયાથી વધારેના ફુટવેર પર ૧૮ ટકા ટેક્સ લાગૂ કરવાને મંજુરી આપી દેવામાં આવી છે. આનાથી ઓછાના ફુટવેર પર પાંચ ટકા ટેક્સ લાગૂ થશે. રેડિમેડ ગારમેન્ટ્સને કાઉન્સિલે ૧૨ ટકાના સ્લેબમાં રાખવાનો નિર્ણય કર્યો છે. તમામ પ્રકારના બ્રાન્ડેડ બિસ્કીટ ઉપર ૧૮ ટકા ટેક્સ લાગૂ કરવામાં આવશે. રજિસ્ટાર્ડ ટ્રેડ માર્ક પર વેચાતા પેકેજડ ફુડ આઈટમ ઉપર પાંચ ટકા ટેક્સ લાગૂ થશે. બીડી ઉપર સિગારેટની જેમ જ ૨૮ ટકા જીએસટી લાગૂ થશે. આ ઉપરાંત સેસ પણ લાગૂ કરવામાં આવશે. બીડી ઉપર હાલમાં ૨૦ ટકાની આસપાસ ટેક્સ લાગે છે. બીડીના પાંડદાઓ પર ૧૮ ટકા ટેક્સ લાગૂ થશે. ટેકસટાઈલને લઈને પણ કાઉન્સિલે અનેક સ્તરો ઉપર નિર્ણય કર્યો છે. સિલ્ક અને જ્યુટ ઉપર કોઈ ટેક્સ લાગૂ થશે નહીં. કોટન અને નેચરલ ફાઈબર પર પાંચ ટકા અને મેનમેડ ફાઈબર ૧૮ ટકા ટેક્સ લાગૂ થશે. યાર્ન ઉપર પાંચ ટકા અને મેનમેડ યાર્ન પર ૧૮ ટકા ટેક્સ લાગૂ થશે. તમામ પ્રકારના ફેબ્રિક્સ ઉપર પાંચ ટકા ટેક્સ લાગૂ થશે. ૧૦૦૦ રૂપિયાથી ઓછાના ગારમેન્ટ ઉપર પાંચ ટકા ટેક્સ લાગૂ થશે. આ ઉપરાંત જીએસટી કાઉન્સિલે ટ્રાન્ઝીક્શન અને રિટર્ન સહિત કેટલાક નિયમોને મંજુરી આપી દીધી છે. નાણામંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં મળેલી બેઠકમાં તમામ રાજ્યોના નાણામંત્રી હાજર રહ્યા હતા.

# સીબીએસઈ ધોરણ ૧૦નું ૯૦.૯૫ ટકા પરિણામ

## પાસ થનારમાં ઘટાડો : ત્રિવેન્દ્ર ક્ષેત્રનું સૌથી વધુ ૯૯.૮૫ ટકા પરિણામ : ભારે ઘસારાના કારણે પરિણામ પહેલા બોર્ડની વેબસાઇટ ક્રેસ

નવીદિલ્હી, તા. ૩

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ સીબીએસઈએ રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સહિત પાંચ રિઝનના ધોરણ ૧૦ના પરિણામ આજે જાહેર કરી દીધા હતા. આ વખતે પાસ થનારની ટકાવારીમાં ગયા વર્ષની સરખામણીમાં પાંચ ટકાથી વધારેનો ઘટાડો થયો છે. આ વર્ષે ૯૦.૯૫ ટકા વિદ્યાર્થીઓએ સફળતા હાંસલ કરી છે જ્યારે ગયા વર્ષે ૯૬.૨૧ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા. દિલ્હી ઉપરાંત અલ્હાબાદ, ચેન્નાઈ, દેહરાદૂન, ત્રિવેન્દ્રમ રિઝનના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. ત્રિવેન્દ્રમ ક્ષેત્રની પાસની ટકાવારી સૌથી વધુ ૯૯.૮૫ ટકા રહી છે. ચેન્નાઈમાં ૯૯.૬૨ ટકા, અલ્હાબાદની પાસની ટકાવારી ૫૮.૨૩ ટકા અને દિલ્હીની ૯૧.૦૬ ટકા રહી છે. બીજા ક્ષેત્રોના પરિણામ પણ ટૂંક સમયમાં જ જાહેર કરવામાં આવશે. પરિણામને લઈને ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી. પરિણામ જાહેર કરવા માટે નક્કી કરવામાં આવેલી સમય મર્યાદાથી પહેલા જ બોર્ડની વેબસાઈટ ક્રેસ થઈ ગઈ હતી. આ વખતે ધોરણ ૧૦ની પરીક્ષામાં ૧૬૬૭૫૭૩ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ૨૮મી મેના દિવસે બોર્ડે ૧૨ના પરિણામ જાહેર કર્યા હતા. તેમાં પણ પાસની ટકાવારીમાં ઘટાડો નોંધાયો હતો. આ વર્ષે પરિણામ થોડાક પહેલા આવી શક્યા હોત પરંતુ આ વખતે કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી હોવાના પરિણામ સ્વરુપે તથા મોડરેશન પોલિસીને લઈને વિવાદ થયા બાદ પરિણામોમાં વિલંબ થયો છે. સીબીએસઈ ધોરણ ૧૦ની પરીક્ષામાં ગયા વર્ષે ૯૬.૩૬ ટકા વિદ્યાર્થીનીઓ અને ૯૬.૧૧ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા.

૨૦૧૬માં પાસની ટકાવારી ૯૬.૨૧ ટકા રહી હતી. ૨૦૧૫માં આ ટકાવારી ૯૭.૩૨ ટકા રહી હતી. ૨૦૧૬માં આ પરીક્ષામાં કુલ ૧૪૯૧૨૯૩ વિદ્યાર્થીઓ જોડાયા હતા. થિરુવંતનપુરમનું પરિણામ ગયા વર્ષે સૌથી શાનદાર રહ્યું હતું. ધોરણ ૧૦નું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું જેમાં ત્રિવેન્દ્રમનું પરિણામ ૯૯.૮૫ ટકા રહ્યું છે જ્યારે ચેન્નાઈનું પરિણામ ૯૯.૬૨ ટકા રહ્યું છે.



રાજ્યભરમાં પ્રિ-મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે રાજ્યના કેટલાક વિસ્તારોમાં પવન સાથે વરસાદનું આગમન થયું છે ત્યારે આજે બપોર બાદ પવન અને વીજળીના કડાકા સાથે ભિલોડા સહિત તાલુકાના ટાકાટુકા, ટોરડા, ભાણમેર, કુશાલપુરા, રામપુરી, મહેરૂ, ખેરાડી, નવા ભેટાલી સહિતના ગામોમાં નેવે પાણી આવ્યા તો વળી ક્યાંક અમી છાંટણા થયા છતાં વાતાવરણ પલટાતાં ઠંડા પવનો ફુકાતાં કાળઝાળ ગરમીમાં સેકાતાં પ્રજાજનો,પશુ-પંક્ષીઓ સહુને ઠંડકનો અહેસાસ થયો હતો પણ કેટલીક જગ્યાએ પશુઓ માટે વાવેલ ઘાસ, મગફળી, મગ, બાજરી જેવા વિવિધ પાકો ક્યાંક વાઢેલા ખેતરોમાં પડ્યા છે તો ક્યાંક કાપણી થઈ રહી છે ત્યારે પવન અને વરસાદ સાથે પડતાં ખેડુતોના જીવ તાળવે બંધાયા છે. ૨૦મી જુનની આસપાસ આવતા મેઘરાજાએ રજી જુને આવતા ઉનાળુ પાક લેવાના બાકી છે તે ખેડુતો મુઝાયા છે પણ ધાર્યુ ધણીનું થાય તેમાં કોઈનું ય ન ચાલે !

# પહેલી જુલાઈથી જીએસટી અમલી બનાવવા તમામ રાજ્યો સહમત

નવીદિલ્હી, તા. ૩

જીએસટી કાઉન્સિલે શનિવારના દિવસે યોજાયેલી બેઠકમાં ટ્રાન્ઝીક્શન અને રિટર્ન સહિત અનેક નિયમોને મંજુરી આપી દીધી હતી. જેટલીના નેતૃત્વમાં યોજાયેલી બેઠકમાં તમામ રાજ્યોના નાણામંત્રીઓએ પહેલી જુલાઈના દિવસથી જીએસટીને અમલી બનાવવા ઉપર સહમતી દર્શાવી હતી. કેરળના નાણામંત્રી થોમસ ઈશાકે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, મિટિંગમાં નિયમો ઉપર ચર્ચા કરવામાં આવી હતી ત્યારબાદ તેને મંજુરી આપી દેવામાં આવી હતી. તમામ રાજ્યો તરફથી જીએસટીને પહેલી જુલાઈથી અમલી કરાવવા પર સહમતિ દર્શાવવામાં આવ્યાની નોંધ લેવાઈ હતી. ઈશાકના નિવેદનને એટલા માટે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે કે, થોડાક દિવસ પહેલા જ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજ્યમાં વર્તમાન જીએસટીને લાગૂ કરવાને લઈને ઈન્કાર કર્યો હતો. શનિવારના દિવસે પશ્ચિમ બંગાળના નાણામંત્રી અમિત મિત્રા પણ હાજર રહ્યા હતા.

# અલગતાવાદી પર સકંજો : દિલ્હી, હરિયાણા, કાશ્મીરમાં વ્યાપક રેડ



નવી દિલ્હી,તા. ૩

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા ટેરર ફંડિંગ પર સકંજો મજબુત કરવામાં આવી રહ્યો છે. આજે એનઆઈએ દ્વારા દિલ્હી, હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાં વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. જુદી જુદી ૨૩ જગ્યા પર આજે દરોડા પાડવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. દરોડાની કાર્યવાહી દરમિયાન લશ્કરે તોઈબા અને હિઝબુલ મુઝાહીદીન જેવા આતંકવાદી સંગઠનોના લેટરહેડ ઉપરાંત પેન ડ્રાઈવ અને લેપટોપ પણ મળી આવ્યા છે. એનઆઈએની ટીમે એવા સ્થળો ઉપર દરોડા પાડ્યા હતા જેને લઈને પુછપરછ દરમિયાન ખુલાસો થયો હતો. શ્રીનગરના બહારના વિસ્તારમાં હુમહામામાં સ્થિત એનઆઈએના કેમ્પ ઓફિસથી જુદી જુદી ટીમોએ ભારે સુરક્ષા વચ્ચે નિકળીને કાર્યવાહી હાથ ધરી હતી. જે લોકોને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા તેમાં અલગતાવાદી લીડર સઈદ અલી શાહ ગિલાનના જમાઈ અલ્તાફ ફન્ટુસ, વેપારી જુહુર વાટાલી, મીરવાઈઝ ઉંમર ફારુકના નેતૃત્વ વાળા અવામી નેશનલ કમિટિના લીડર શાહીદ ઉલ ઈસ્લામ અને કેટલાક બીજા અલગતાવાદી લીડરોના આવાસ ઉપર પણ દરોડા પાડ્યા હતા જે હુર્રિયતના બંને ગ્રુપ સાથે જોડાયેલા છે. મળેલી માહિતી મુજબ કાશ્મીર ખીણમાં જુદા જુદા સ્થળો ઉપર દરોડાની કાર્યવાહી દરમિયાન ૧.૫ કરોડ રૂપિયાની રોકડ રકમ ઉપરાંત દસ્તાવેજો પણ મળી આવ્યા છે. ખીણમાં ૧૯૯૦ના દશકની શરૂઆતમાં ત્રાસવાદ બાદથી પ્રથમ વખત કેન્દ્રીય તપાસ સંસ્થા દ્વારા અલગતાવાદીઓના ટેરર ફન્ડિંગ લીંકના સંદર્ભમાં દરોડા પાડવામાં આવ્યા છે.

## વનડે જંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બન્ને દેશો વચ્ચે છેલ્લે ટ્વેન્ટી વર્લ્ડ કપના ગ્રુપ સ્ટેજમાં મેચ કમાઈ હતી. જેમાં પાકિસ્તાને ૧૮ ઓવરમાં પાંચ વિકેટે ૧૧૮ રન કર્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમે ચાર વિકેટે ૧૧૯ રન બનાવીને મેચ જીતી લીધી હતી. ભારતે આ રન ૧૫.૫ ઓવરમાં જ બનાવી લીધા હતા. ભારતે છ વિકેટે જીત મેળવી હતી. ટ્વેન્ટી વર્લ્ડ કપની આ મચ કોલકત્તાના ઐતિહાસિક ઈડન ગાર્ડન ખાતે રમાઈ હતી. હવે આવતીકાલની મેચ એજબેસ્ટનમાં રમાનાર છે. ભારતીય ટીમ વર્તમાન ચેમ્પિયન તરીકે છે. ભારતીય ટીમ આ ટ્રોફીને જાળવી રાખવાના ઈરાદા સાથે વિરાટ કોહલીના નેતૃત્વમાં મેદાનમાં ઉતરી રહી છે. ચેમ્પિયન્સ ટ્રોફી છેલ્લે ૨૦૧૩માં રમાઈ હતી. જેમાં ભારતે ટ્રોફી જીતવામાં સફળતા મેળવી હતી. ભારતીય ટીમ શાનદાર દેખાવ કરવા માટે સજ્જ છે.ભારત જીત સાથે શ્રીગણેશ કરવા માટે તૈયાર છે. પાકિસ્તાન પણ લડાયક દેખાવ કરવાના મુડમાં છે.

ભારત : વિરાટ કોહલી (કેપ્ટન), શિખર ધવન, રહાણે, યુવરાજસિંહ, કેદાર જાદવ, રોહિત શર્મા, મહેન્દ્રસિંહ ધોની, અશ્વિન, મોહંમદ સામી, ઉમેશ યાદવ, ભુવનેશ્વર કુમાર, મનિષ પાંડે, જસપ્રીત બુમરાહ, રવિન્દ્ર જાડેજા, હાર્દિક પંડ્યા.

પાકિસ્તાન : સરફરાજ અહેમદ (કેપ્ટન), અહેમદ સહેજાદ, અઝહર અલી, બાબર આઝામ, ફાહીમ અશરફ, હસન અલી, ઈમાદ વાસીમ, જુનેદખાન, મોહંમદ આમીર, મોહંમદ હાફીઝ, સદાબખાન, સોએબ મલિક, વહાબ રિયાઝ, ફખર ઝમાન, હેરીસ સોહેલ.

## ભેદ ઉકેલાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેનુ ઘર ૧૨ કિમી દૂર હતુ. ત્યાં સુધી બેભાન યુવતીને ધોળે દિવસે લઈ જવી નામુમકીન જેવુ છે. આવી અનેક શંકાસ્પદ બાબતોને લઈને જે.પી. રોડ પોલીસ સ્ટેશનની ટીમે ગાંધીનગર એફએસએલના સાયન્ટીફિક ઓફીસર જી.પી. દરબારની મદદ લઈ ડીપ ઈન્વેસ્ટીગેશન શરૂ કર્યુ. મહત્વની કડી મળી કે પરિણીતા એકલી જતી સીસીટીવી કેમેરામાં કેદ થયેલી હતી. કોલ ડીટેઈલ રેકોર્ડસ કઢાવીને એનાલીસીસ કરતાં આ પરિણીતા બરોડાના કોઈ સની અગ્રવાલના સતત કોન્ટેક્ટમાં હોવાનું જાણવા મળ્યુ. તેને બોલાવીને સખ્ત ઈન્ટ્રોગેશન કરતાં ડ્રામાનો ભાંડો ફુટી ગયો હતો. સની અને આરતી પ્રેમમાં હતા. આરતીના પરિવારજનોએ દબાણ કરીને બીજે લગ્ન કરાવ્યા પરંતુ આરતીનું મન લાગ્યુ ન હતુ. પ્રેમી સની સાથે ભાગી જવા પ્લાન બનાવ્યો અને સીઆઈડી સીરીયલના એક એપીસોડને આધારે ફકીરે લુંટ કરી હોવાનું નાટક રચી પોલીસને ઈન્વેસ્ટીગેશનમાં ગુમરાહ કરી હોવાનું બહાર આવ્યું હતું. પ્રેમીને છુપાવીને પોલીસે આરતીને બોલાવી નાટક અંગે પુછયુ છતાં તે માનવા તૈયાર ન હતી. પ્રેમીને જેવો સામે લાવ્યા ત્યારે તે ભાંગી પડી અને નાટક કર્યુ હોવાનું કબુલાત કરી લીધી હતી..!

## સાફ ઈન્કાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ દલીલો ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે ગુપ્તાની જામીનઅરજી ફગાવી દીધી હતી. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, અરજદાર ગુપ્તાએ એમઆરઆઈ કરાવવા માટે કામચલાઉ જામીન માંગ્યા છે. એમઆરઆઈની સુવિધા સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે અને અરજદાર સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવી શકે છે, તેથી આટલા માત્ર કારણથી અરજદારના કામચલાઉ જામીન મંજૂર કરવાનું ન્યાયોચિત જણાતું નથી.

## મહત્વની બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારી તેમજ બિન સરકારી ક્ષેત્રે કામ કરતા તમામ લોકોને એક મંચ પર ભેગા કરી તેઓના વિચાર વિમર્શ દ્વારા સંશોધન ક્ષેત્રે પડતી મુશ્કેલીઓ તેમજ ભવિષ્ય પડકાર તેમજ અત્યઆધુનિક તકનીકોનો ઉપયોગ કરવા જેવા અનેક પાસાઓની રજુઆત કરવા માટે એક વિશિષ્ટ વૈચારિક મંચ ઉભો કરવામાં આવશે. આ વૈચારિક મંચના કાર્યક્રમને વિવિધ પર્યાવરણીય વિષયોથી વિભાજીત દરેક સંશોધકોને તક આપવામાં આવનાર છે. જેનો લાભ આ મંચના માધ્યમથી રાજયના તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે તમામ સુધી પહોંચાડવા માટેનો આશય છે. એન્વાયરોમેન્ટ રીસર્ચ મીટ કાર્યક્રમમાં ક્લાઈમેન્ટ ચેન્જ માટે જવાબદાર પરિબળો, ઉર્જા, સ્ત્રોત અને તેના પર્યાવરણ પરની અસરો પાણી, અદ્યતન, તકનીકનો ઉપયોગ બાયો મોનીટરીંગ અને બાયો સેન્સર, ડેટા એનાલિટિક્સ, ઈમેજ પ્રોસેસિંગ અને આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ પર્યાવરણ પ્રબંધ નવી વિચારધારા, પર્યાવરણ નીતિ, કાયદો અને વ્યવસ્થાપન તેમજ જીવ પ્રેરિત પ્રયાસ મારફતે પર્યાવરણ ઉર્જા અને પાણી સંશોધનમાં રહેલ વર્તમાન પડકાર તેમજ હવામાં રહેલ ધુળ રજકળો પ્રદુષણ પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય પર થઈ રહેલ અસર જેવી બાબતો આવરી લેવામાં આવશે.

## મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

ચૂંટાયા પછી આપણી સાથે અને આપણી આસપાસ કેવા લોકો છે એ પણ ખુબ મોટો ભાગ ભજવે છે. કેમ કે ચૂંટણી માત્ર આપણે આપણી કે પક્ષની તાકાત કે ઈમેજ ઉપર નથી જીતતા પણ આપણી અને આપણી સાથે કોણ કોણ છે. કેવી કેવી વ્યક્તિઓની વચ્ચે આપણે છીએ એ પણ લોકો નોંધ લેતા હોય છે. હું માનું છું કે આ વખતની ચૂંટણી કદાચ છેલ્લી હશે જે પરંપરિત પદ્ધતિથી થશે. બાકી આવતી ચૂંટણીમાં પરિવર્તનની મસમોટી સુનામી હશે અને એમાં એ જ ટકશે જે આ પાંચ વર્ષ પ્રજાના બોસ નહી સેવક બનીને રહેશે. અસ્તુ. જય જય ગરવી ગુજરાત.

- 9426060601.india@gmail.com